અમદાવાદ શહેર પોલીસ

# નારોલ પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટરની કચેરી

## નારોલ અમદાવાદ શહેર


| | |
|---|---|
| ટેલીફોન નંબર :- 079-25730200<br>Email:-polstn-narol-ahd@gujarat.gov.in | તારીખ:૧૬/૧૨/૨૦૧૯ |


**નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ સગીરાનો અપહરણનો ગુન્હો ઉકેલતી નારોલ પોલીસ**

નારોલ પોલીસ સ્ટેશન ખાતે તા:૧૩/૧૨/૨૦૧૯ના રોજ એક સગીર વયની છોકરીના અપહરણ બાબતે નારોલ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૨૨૫/૧૯ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬ તથા પોક્સો એકટ અન્વયે ગુન્હો નોંધાયેલ..

આ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી આશિષ ભાટીયા સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ બિપીન આહિરે સાહેબના સીધા માર્ગદર્શન નીચે નારોલ પોલીસ ઇન્સ્પેકટર એસ.એ.ગોહિલશ્રીએ તપાસ સંભાળી. સગીરાની યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા તેમજ સાથે સાથે ટેકનિકલ અને સાયન્ટિફિક માધ્યમથી તપાસ કરતા અને જુદા જુદા વિસ્તારના સી.સી.ટી.વી. ફુટેઝ ચેક કરતા સગીરા પોતાની જાતે જ એકલી ચાલીને જતી હોય તેવુ સી.સી.ટી.વી. ફુટેઝમાં જણાય આવેલ તથા સગીરાએ પોતે પણ સ્વીકાર કરેલ કે તેને પોતાના ઘરે ન જવુ હોય જેથી અપહરણની ખોટી સ્ટોરી બનાવેલી. આમ, સમગ્ર બનાવ ઉપજાવી કાઢેલાનુ જણાઇ આવેલ છે જેને મેડિકલ પુરાવાથી પણ સમર્થન મળે છે.

એસ.એ.ગોહિલ

PI નારોલ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર